# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-11-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 200 કરોડ રૂપિયાથી વધુના સાયબર ગુનાનો પર્દાફાશ કરનારી રાજ્ય સાયબર સૅન્ટર ઑફ ઍક્સલેન્સની પ્રશંસા કરી.

2) રાજ્યના ખેડૂતોએ સરકારે જાહેર કરેલા રાહત પેકેજના નિર્ણયને આવકાર્યો.

3) આદિવાસી સમુદાયના સ્વાસ્થ્ય માટે જિનોમ સિક્વન્સિંગ પ્રૉજેક્ટ શરૂ કરનારું ગુજરાત દેશનું પહેલું રાજ્ય બન્યું

4) રાજ્યમાં ધોરણ 10 અને 12ની પરીક્ષા આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થશે - ગુજરાત બોર્ડે સમયપત્રક જાહેર કર્યું

5) અમરેલીનાં ખેલાડી ડૉક્ટર માલવિકા જોષીએ સાપુતારામાં યોજાયેલી રાજ્ય માસ્ટર ખેલકૂદ ચેમ્પિયનશીપમાં ત્રણ સુવર્ણ ચંદ્રક જીત્યાં.

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CYBER NETWOK

ગુજરાત સાયબર સૅન્ટર ઑફ ઍક્સલૅન્સે 200 કરોડ રૂપિયાથી વધુના સાયબર ગુનાનો પર્દાફાશ કર્યો છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપતા કહ્યું , સાયબર સેન્ટર ઑફ ઍક્સલૅન્સે મોરબી, સુરેન્દ્રનગર, સુરત અને સાવરકુંડલામાં કાર્યરત્ મોટા પાયે મ્યૂલ ઍકાઉન્ટ એટલે કે, બીજાના બૅન્ક ખાતામાંથી કરાતી છેતરપિંડીને પકડી છે.

આ નૅટવર્કે સમગ્ર ભારતમાં 386 સાયબર ગુના કેસ સાથે જોડાયેલા 100થી વધુ મ્યૂલ ઍકાઉન્ટ્સનું સંચાલન કર્યું અને 200 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી છે. ગુજરાત સાયબર ટીમે શરૂઆતના ભારતીય ખાતાઓથી લઈને ક્રિપ્ટોકરન્સી વ્યવહાર સુધીના સાત સ્તર દ્વારા નાણાના ટ્રેલને કાળજીપૂર્વક ટ્રેક કર્યો. આ નિર્ણાયક કાર્યવાહી સાયબર ક્રાઇમ પ્રત્યે રાજ્યનો શૂન્ય સહિષ્ણુતા અભિગમ અને સરહદ પાર નાણાકીય છેતરપિંડીનો સામનો કરવા અદ્યતન સાયબર બુદ્ધિમત્તાની ક્ષમતા બનાવવામાં રાજ્યના નેતૃત્વ પર ભાર મૂકે છે તેમ શ્રી સંઘવીએ ઉંમેર્યું.

. . . . . . .

# RAJYAPAL MS UNI VADODARA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશ્વ વિદ્યાલયના 74-મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને 354 સુવર્ણ ચંદ્રક એનાયત કરાયા. વિદ્યાર્થીઓને સંબોધતા રાજ્યપાલે પદવીદાન સમારોહને વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેની જવાબદારી અંગે મંથન કરવાનો દિવસ ગણાવ્યો. સમાજ કલ્યાણનો ભાવ રાખીને ભારતીય જીવન મૂલ્યો અને સંસ્કૃતિના અભિન્ન અંગ બનવા પણ રાજ્યપાલશ્રીએ સૌને અનુરોધ કર્યો.

(બાઈટઃ આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ કહ્યું, શિક્ષણનો વ્યાપ સતત વધે, જેથી વિકાસની નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરવાનું સરકારનું લક્ષ્ય છે.

. . . . . . . .

# AABHAR-RAHAT

કમોસમી વરસાદથી અસરગ્રસ્ત થયેલા ખેડૂતો માટે સરકારે રાહત પેકેજ જાહેર કરતાં રાજ્યભરના ખેડૂતોએ સરકારના નિર્ણયને આવકાર્યો. છોટાઉદેપુરના સાંસદ જશુ રાઠવાએ સરકારનાં નિર્ણયને આવકારતા આભાર માન્યો છે.

બોટાદના ખેડૂતોએ આ પેકેજને રાહત સમાન ગણાવ્યું. બોટાદ માર્કેટિંગ યાર્ડના અધ્યક્ષ મનહર માતરિયાએ સરકારના નિર્ણયને આવકારતાં પ્રતિક્રિયા આપી.

(બાઈટઃ મનહર માતરિયા)

કચ્છના ખેડૂતો તથા દૂધ ઉત્પાદકો વતી સરહદ ડેરીના અધ્યક્ષ વલમજી હુંબલે સરકારનો આભાર માન્યો. જ્યારે બનાસકાંઠાના વાસણા-જગાણા તેમજ દાંતીવાડા તાલુકાના રાણોલ ગામના ખેડૂતોએ આ સહાયથી મોટું બળ મળશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો. અરવલ્લીના ખેડૂતોએ સરકારનો આભાર માન્યો છે.

. . . .

# GENOME SEQUENCING

ગુજરાત રાજ્ય આદિવાસી સમુદાયના સ્વાસ્થ્ય માટે જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનારું દેશનું પહેલું રાજ્ય બન્યું છે. સત્તાવાર યાદી મુજબ, આદિવાસી સમુદાયના આનુવંશિક રોગની પરખ થવાથી રાહત દરે નિદાન પદ્ધતિનો વિકાસ થશે.

સત્તાવાર યાદી મુજબ , શરીરના કોષોની અંદર રહેલી આનુવંશિક સામગ્રીને જિનોમ કહેવાય છે. કોષની અંદર જનીનનું ચોક્કસ સ્થાન અને તેની રચનાને સમજવા જિનોમ સિક્વન્સિંગ કરાય છે. તે જીનોમમાં થતા ફેરફાર અંગે જણાવે છે. ત્યારે સરકારના આ પ્રોજેક્ટ હેઠળ સંશોધકો 11 જિલ્લાના 31 આદિવાસી સમુદાયમાંથી D.N.A. નમૂના એકત્ર કરીને વિગત તૈયાર કરશે. તે આનુવંશિક રોગના નિદાન અને સારવારને સુધારવામાં મદદ કરશે. રાજ્ય સરકારે આદિવાસી વસતિ માટે રેફરન્સ જિનોમ ડેટાબેઝનું નિર્માણ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. હાલ ભારત સરકારના બાયોટેક્નોલોજી વિભાગના જિનોમ ઇન્ડિયા પ્રોજેક્ટના સહકારથી આ પ્રોજેક્ટ હાથ ધરાઈ રહ્યો છે.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................

# SOMNATH-ADVANI

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીના જન્મદિવસ નિમિત્તે આયુષ્ય મંત્ર જાપ-મહાપૂજા કરવામાં આવી. સોમનાથ મહાદેવને વિશેષ શૃંગાર સાથે દિપમાલા અર્પણ કરાશે.

. . . . . . . . .

# DAMAN MAHESH AGARIYA

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નગરપાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં વિજેતા થયેલા ઉમેદવારોએ વિજય રેલી યોજી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયાએ ચૂંટાયેલા સભ્યોને શુભેચ્છાઓ પાઠવી.

(બાઈટ -મહેશ અગરિયા )

. . . . . . . . . .

# BHARUCH ACCIDENT

ભરૂચમાં ટ્રેલર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત થતાં બે શ્રમિકના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, આમોદ તાલુકા નજીકના માતર ગામમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ -વે પર આજે સવારે આ અકસ્માત થયો હતો, જેમાં બે શ્રમિકના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે. જ્યારે બેથી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ 108 એમ્બુલેન્સની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે આવી ઇજાગ્રસ્તોને સારવાર આપી અને તેમને હૉસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

. . . .

# BOARD EXAM TIME TABLE

રાજ્યમાં આગામી 26 ફેબ્રુઆરી 2026થી ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે પરીક્ષા માટેનું સમયપત્રક જાહેર કર્યું છે. તે મુજબ , ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ સુધી તથા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 13 માર્ચ સુધી યોજાશે.

ધોરણ 10ની પરીક્ષાનો સમય સવારે 10-થી બપોરે સવા એક વાગ્યા સુધી યોજાશે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા બપોરે ત્રણથી સાંજે સાડા છ વાગ્યા સુધી યોજાશે. ગયા વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા 10 દિવસ વહેલી શરૂ તશે. પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઈટ WWW.GSEB.ORG પર પણ મુકવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# SAVARKUNDALA GOLD MEDAL

અમરેલીનાં ખેલાડી ડૉક્ટર માલવિકા જોષીએ 70 વર્ષથી રાજ્યસ્તરની ત્રણ સ્પર્ધામાં ત્રણ સુવર્ણ ચંદ્રક જીત્યાં છે. મળતી માહિતી મુજબ , સાવરકુંડલાનાં નિવૃત્ત પ્રાધ્યાપક ડૉક્ટર માલવિકા જોષીએ સાપુતારા ખાતે આ મહિને યોજાયેલી 10-મી ગુજરાત રાજ્ય માસ્તર ખેલકૂદ ચેમ્પિયનશીપમાં આ સિદ્ધિ મેળવી છે. તેમણે 70થી વધુ વયજૂથમાં ભાગ લઈ ગોળાફેંક , ચક્રફેંક અને હૅમર થ્રો જેવી સ્પર્ધામાં પ્રથમ આવીને ત્રણ સુવર્ણ ચંદ્રક મેળવ્યાં છે.

ડૉ. જોષી સાવરકુંડલાની વીડી ઘેલાણી મહિલા મહાવિદ્યાલયમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી નિવૃત્ત થયાં છે. વયની મર્યાદાને પડકાર આપતાં તેમણે મેળવેલી આ સિદ્ધિ દરેક માટે પ્રેરણાદાયી છે. આ સિદ્ધિ અંગે પ્રતિભાવ આપતા તેમણે કહ્યું, મનમાં હિમ્મત અને જુસ્સો હોય તો કંઈ પણ અશક્ય નથી.

. . . . . . . .

# GUJCEET EXAM

રાજ્યમાં ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા એટલે કે, ગુજકેટની પરીક્ષા આગામી 29 માર્ચ 2026ના રોજ લેવાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સત્તાવાર યાદી મુજબ , ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી કે ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહના ગૃપ-એ , ગૃપ-બી અને ગૃપ એ-બી-ના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા સવારે 10 વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધી જિલ્લાકક્ષાના કેન્દ્ર ખાતે યોજાશે.

આ માટેના આવેદનપત્ર ઑનલાઈન ભરવાની તારીખ અને માહિતી પુસ્તિકા બોર્ડની વેબસાઈટ GSEB.ORG પર પ્રસિદ્ધ કરાશે.

. . . . .

# BHARAT PARVA RAJSTHAN CM

નર્મદામાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી એકતાનગર ખાતે ભારત પર્વની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી થઈ રહી છે , જ્યાં ગઈકાલે સાંજે રાજસ્થાનના મુખ્યમંત્રી ડૉક્ટર ભજનલાલ શર્મા અને રાજ્યના કેબિનેટ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે શ્રી શર્માએ દેશને એકતાના સૂત્રમાં બાંધીને અખંડ ભારતના નિર્માણનું મહાન કામ કરનારા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને વંદન કર્યા. સરદાર પટેલનો દેશપ્રેમ અને રાષ્ટ્રનિર્માણની તેમની પ્રેરણા આગામી પેઢીઓને પ્રેરિત કરે છે તમ પણ શ્રી શર્માએ ઉંમેર્યું.

(બાઈટઃ ડૉ. ભજનલાલ શર્મા, મુખ્યમંત્રી, રાજસ્થાન)

. . . . . . . . . .

# VANDE MATARAM-DISTRICT

રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્-ની રચનાને દોઢ સો વર્ષની ઉજવણી નિમિત્તે વિવિધ જિલ્લામાં કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે.

જામનગર જિલ્લામા કેબિનેટ અને પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઇ હતી. તેમાં જિલ્લાના વિકાસલક્ષી અને વહીવટી કામગીરીની સમીક્ષા કરવામાં આવી.

કચ્છના રમતવીર રાજભાઈએ મહાન કવિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત વંદે માતરમ્-ને દેશની રાષ્ટ્રીય એકતાનો પ્રેરણાસ્ત્રોત ગણાવ્યો.

ભચાઉમાં તાલુકા આરોગ્ય કચેરી ખાતે "વંદે માતરમ્"નું સમૂહ ગાન તથા સ્વદેશી શપથ કાર્યક્રમ યોજાયો.

. . . . . .

# JAN JATI GAURAV YATRA-DISTRICT

ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી “જનજાતીય ગૌરવ યાત્રા આજે નવસારીના ચીખલીમાંથી આગળ વધીને વાંસદા તાલુકાના ભીનાર ગામે પહોંચી હતી. જ્યાં વલસાડના સાંસદ ધવલ પટેલ અને રાજ્યના રમતગમત મંત્રી ડૉ. જયરામ ગામીત સહિત અનેક મહાનુભાવોએ યાત્રાનું સ્વાગત કર્યું.

. . . .

# SURENDRNAGAR-AWARD

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા અને સુરેન્દ્રનગર જિલ્લા વડામથકને રાજ્યના શ્રેષ્ઠ અગ્નિશમનદળ મથકનો પુરસ્કાર એનાયત કરાયો. અમદાવાદ ખાતે "SAFE INDIA BRAVERY AWARDS 2025" સમારોહ યોજાયો હતો.

. . . . .